# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૯૨ તા.૨૯.૧૦.૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૨/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી શામજીભાઈ વિજાભાઈ કોટિયા ગામ – પોરબંદર

સબડીવીઝન: કીર્તિમંદિર પોરબંદર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી પોરબંદર શહેર

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, જીઈકેસી ટ્રેનીંગ સેન્ટર,પોરબંદર

તારીખ: ગુરુવાર (૦૮.૧૦.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૧૦.૨૦૨૦ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો ગ્રાહક અમારી રજૂઆત નીચે મુજબ રજૂ કરીએ છીએ અમો ગ્રાહકના વીજ કનેકશન નંબર ૩૫૧૦૪/૦૦૩૪૨/૦ હતા અમો ગ્રાહકએ આ મિલકત કરસન ગોવિંદ પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૮૮૧ તારીખ ૨૨/૦૫/૧૯૯૬ના રોજ ખરીદ કરેલ છે ત્યારથી ઉપરોક્ત મિલકતના માલિક તથા કબજેદાર છીએ તથા આ મિલકતમાં વસવાટ કરીએ છીએ તે વેચાણ દસ્તાવેજ ની નકલ આ સાથે રજુ છે.પીજીવીસીએલ દ્વારા મારી મિલકત ઉપર કોઈ

વીજ બિલ બાકી કે કોઈ લેણું ન હોવા છતાં ગેરકાયદેસર રીતે વીજ કનેક્શન ડિસકનેક્ટ કરી નાખેલ છે તેમજ અમો ગ્રાહક ના નામે કોઇ લેણું બાકી ન હોવા છતાં પીજીવીસીએલ દ્વારા ખોટી રીતે કોઈપણ જાતના વેરિફિકેશન વગર અમારું વીજ કનેક્શન ડિસ્કનેક્ટ કરેલ છે.ઉપરોક્ત વીજ કનેક્શન શરતચૂકથી નામ ટ્રાન્સફર કરવાનું રહી ગયેલ હતું. તે નામ ટ્રાન્સફર કરવા જતા પીજીવીસીએલ દ્વારા તારીખ ૦૪/૦૧/૨૦૧૯ ના રોજ જવાબ આપેલ કે કરસન ગોવિંદ સામે લેણું બાકી હોય તેથી વીજ કનેક્શન ટ્રાન્સફર થઇ શકે નહિ તે પત્ર ની નકલ આ સાથે રજુ છે.ત્યારબાદ અમોએ નવા વીજ જોડાણ મેળવવા તારીખ ૦૧/૧૦/૨૦૧૯ ના રોજ અરજી આપેલ હતી તે અરજીનો પીજીવીસીએલ દ્વારા તારીખ ૦૪/૧૧/૨૦૧૯ ના રોજ જવાબ આપેલ કે ઉમેશ આઇસ ફેક્ટરી ના પ્રો. કરસન ગોવિંદ પાંજરી ઉપર લેણી રકમ બાકી હોય તેથી નવું વીજ કનેક્શન આપી શકાય નહીં તે પત્રની નકલ આ સાથે રજુ છે

આ અરજી નું કારણ,

અમો અરજદાર ઉપર પીજીવીસીએલ કોઇપણ જાતનું લેણું બાકી ન હોવા છતાં પીજીવીસીએલ દ્વારા ગેરકાયદેસર રીતે અમારૂં વીજ કનેક્શન ડિસ્કનેક્ટ કરેલ છે.

અમો અરજદારએ નવા વીજ જોડાણ માગણી કરે તે પણ પીજીવીસીએલ દ્વારા અન્ય વ્યક્તિનું વીજ લેણું બાકી હોય તેથી અમારી અરજી રદ કરેલ છે.

અરજી લાવી દાદ માંગવાની કે,

અમો અરજદારનું વીજ કનેક્શન કોઈપણ જાતનું ગુના વગર ડિસ્કનેક્ટ કરેલ છે તે ચાલુ કરી આપવા મહેરબાની કરશો.

અમો અરજદાર ઉપર કોઈપણ જાતનું લેણું બાકી ના હોય તેમ છતાં પીજીવીસીએલ દ્વારા ગેરકાયદેસર રીતે અમારૂં વીજ જોડાણ ડિસ્કનેક્ટ કરેલ છે તે ચાલુ કરવાનો હુકમ કરવા મહેરબાની કરશો.

અમારી માલિકીની મિલકત ઉપર પીજીવીસીએલ કોઈપણ જાતનું બિલ બાકી ન હતું. તેમજ અમો રેગ્યુલર બિલની રકમ ભરતા હોવા છતાં અમારું કનેક્શન ડિસ્કનેક્ટ કરેલ છે જે ચાલુ કરવા મહેરબાની કરશો.

અમો અરજદાર એ રજુ કરેલ નવા કનેક્શન ની અરજી મંજૂર કરી અમો માલિકના નામે નવું કનેક્શન આપવા મહેરબાની કરશો.

અમો બેકસુર ગ્રાહકનું વીજ કનેક્શન કાપવાથી પીજીવીસીએલ ની લેણી રકમ મળી જવાની નથી.અમો બેકસુર ઉપર કોઈ લેણું બાકી નથી તેમ જ અમારી માલિકીની મિલકત ઉપર કોઈ લેણું બાકી નથી અમો અરજદાર ને પીજીવીસીએલ તરફથી માનસિક હેરાન કરવામાં આવે છે અમો અરજદાર ની વીજ લાઇટ બંધ કરી ખોટી રીતે માનવ હકો થી વંચિત રાખવામાં આવે છે જે કાયદાથી વિરુદ્ધ છે તેમજ માનવ અધિકાર ના કાયદા વિરુદ્ધનું કૃત્ય છે તે તદ્દન ગેરવ્યાજબી છે જે ધ્યાને લેવા અરજ છે.

અરજદારે રજૂ કરેલ આધાર પુરાવા તપાસી, અમારી રજૂઆત ધ્યાને લઈને અમો અરજદાર નું વીજ કનેક્શન ચાલુ કરી આપવા તથા નવું વીજ જોડાણ કરી આપવાનો ન્યાયના હિતમાં હુકમ કરવા મહેરબાની કરશો.

આ સાથે અમો અરજદારના વકીલશ્રી નું વકીલ પત્ર રજુ છે તથા દસ્તાવેજી આધાર પુરાવા સાથે રજુ છે જેથી અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૧ અરજદાર શ્રી શામજીભાઈ વિજાભાઈ કોટીયા દ્વારા ઘરવપરાશ નું હયાત શ્રી કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરી નામનું ગ્રાહક નં. ૩૫૧૦૫/૦૦૩૪૨/૦ નું વીજજોડાણ ખોટી રીતે ડિસ્કનેક્ટ કરવા બાબત તથા ઘર વપરાશ નું નવું વીજજોડાણ ન આપવા અંગે ફોરમ સમક્ષ કેઈસ નંબર ૨/કવા-૦૨/૨૦૨૦-૨૧ થી કેઈસ દાખલ કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે

૩.૨ સ્પે.દિ.મુ.નં.૨૯/૧૯૯૭ તથા સ્પે.દિ.મુ.નં.30/૧૯૯૭

મે.ઉમેશ આઈસ ફેક્ટરી નામની પેઢી ના પ્રોપરાઇટર શ્રી કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરી ગ્રાહક નં. ૩૫૧૦૧/૦૦૫૭૦/3 થી ૯૪ કિ.વો. નું લાતી બજાર વિસ્તારમાં વીજ જોડાણ ધરાવતા હતા જેનું તારીખ ૧૪.૦૮.૧૯૯૫ ના રોજ તથા તારીખ ૨૬.૧૨.૧૯૯૫ ના રોજ આપેલ વીજચોરીના પુરવણી બીલો તથા ચાલુ બિલની રકમ બાકી રહેતા વ્યાજ સહિત કુલ રૂ.૫૦,૫૮,૧૨૮.૧૦/- પૈસાં નો સ્પે.દિ. મુ.નં.૨૯/૧૯૯૭ તથા રૂપિયા ૯,33,૮૯૫.૮૬/- પૈસાંનો સ્પે.દિ.મુ.નં.30/૧૯૯૭ થી પોરબંદરની નામદાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવેલ.

3.3 સ્પે.દિ.દરખાસ્ત.નં.૦૭/૨૦૦૬ તથા સ્પે.દિ.દરખાસ્ત.નં.૦૫/૨૦૦૬

સ્પે.દિ.મુ.નં.૨૯/૧૯૯૭ નું તારીખ ૦૫.૧૨.૨૦૦4 તથા સ્પે.દિ.મુ.નં.30/૧૯૯૭ નું તારીખ 03.0૧.૨૦૦4 ના કોર્ટે વીજ કંપની તરફી જજ્મેન્ટ તથા હુકમનામું કરી આપેલ જે મુજબ, સદર પ્રોપરાઇટર સામે સ્પે.દિ.દરખાસ્ત.નં.૦૭/૨૦૦૬ થી રૂપિયા ૯૧,૫૦,303.૧૦/- ની તથા સ્પે.દિ.દરખાસ્ત.નં.૦૫/૨૦૦૬ થી રૂ. ૧૩,૮૬,૮૮૯.૧૧/- ની હુકમનામું બજાવવાની બજવણી કંપનીના પેનલ વકીલ શ્રી ડી.બી.લાખાણી મારફત દાખલ કરવામાં આવેલ જે હાલ ચાલુ છે.

૩.૪ ત્યારબાદ, સદર પ્રોપરાઇટર શ્રી કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરી ગુજરી જતાં તેમના વારસદારોએ ૧)ઉમેશ કરસનભાઈ પાંજરી તથા ૨) નરેન્દ્ર કરસનભાઈ પાંજરી રહે.વાઘેશ્વરી પ્લોટ,પોરબંદરને જોડવામાં આવેલ.

૩.૫ સદર આઈસ ફેક્ટરી ના પ્રોપરાઇટર શ્રી કરસનભાઈ ગોવિંદભાઈ નામથી ગ્રાહક નં.૩૫૧૦૫/૦૦૩૪૨/૦ નું ૭ કિ.વો. નું ઘર હેતુંનું થ્રી ફેઈઝ વીજજોડાણ વાઘેશ્વરી પ્લોટ,ચોપાટી સામે,પોરબંદર ખાતે આવેલ હોઈ જેથી જીઈઆરસી નોટિફિકેશન ના ક્લોઝ નં.૪.30 ની જોગવાઈ મુજબ, તારીખ ૨૫.૧૦.૨૦૧૮ ના રોજ રજીસ્ટર્ડ એડી ટપાલથી વારસદારોને તેમના નિવાસસ્થાને અત્રેની કચેરી દ્વારા દિવસ-૧૫ની નોટિસ આપવામાં આવેલ,જે નોટિસ ઉપરના સરનામે તેમના પરિવારના સભ્ય એમ.કે.પાંજરી દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આથી ફલિત થાય છે કે જે તે વખતે પણ કરસનભાઈ પાંજરી નો પરિવાર જ ઉપરોક્ત દર્શાવેલ મકાનમાં વસવાટ કરતો હતો. ત્યારબાદ ઉપરોક્ત નોટિસ સંદર્ભે કોઈ પ્રત્યુતર ન મળતા કચેરી દ્વારા કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરી નામનું

ચાલુ વીજજોડાણ તારીખ ૧૭.૧૧.૨૦૧૮ ના રોજ ડિસ્કનેક્ટ કરવામાં આવેલ.તેમજ પાર્ટી રીકનેકશન અંગે નામદાર કોર્ટમાં કેઈસ દાખલ કરે અને કોર્ટ કંપનીને સાંભળ્યા વગર એકતરફી હુકમ ન કરે તે માટે કચેરી દ્વારા પોરબંદર નામદાર પ્રિન્સિપાલ જજસાહેબની કોર્ટમાં કેવીએટ અરજી પણ તારીખ ૨૬.૧૧.૨૦૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ, પણ કોઈ રકમ ભરપાઇ કરવામાં આવેલ નહીં

3.૬ ત્યારબાદ,શામજીભાઈ વિજાભાઈ કોટીયા દ્વારા તા.૧૧.૧૨.૨૦૧૮ ના રોજ કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરી માંથી શામજીભાઈ વિજાભાઈ કોટીયા નામે નામ ટ્રાન્સફર કરવા માટેની અરજી જરૂરી પેપર સાથે કરવામાં આવેલ,તેનો પ્રત્યુત્તર કંપનીના પેનલ વકીલ શ્રી ડી.બી.લાખાણી મારફત તારીખ ૩૦.૧૨.૨૦૧૮ ના રોજ પાઠવવામાં આવેલ.તેમજ અત્રેની કચેરી દ્વારા પણ તારીખ ૦૪.૦૧.૨૦૧૯ ના રોજ પ્રત્યુતર પાઠવેલ.

3.૭ ત્યારબાદ,ડિસ્કનેક્ટ વાળું મકાન શ્રી શામજીભાઈ વિજાભાઈ કોટીયા એ કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરી પાસેથી તારીખ ૨૨.૦૫.૧૯૯૬ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવામાં આવેલ, તે સ્થળ પર નવા સીંગલ ફેઈઝ વીજજોડાણની તારીખ ૦૧.૧૦.૨૦૧૯ ના રોજ અરજી કરવામાં આવતાં કંપનીના પેનલ વકીલ શ્રી ડી.બી.લાખાણી તારીખ ૨૪.૧૦.૨૦૧૯ ના અભિપ્રાય મુજબ, સદરબાકી લેણી વેચાણ પહેલાંનું હોઈ જેથી મકાન વાળી સ્થાવર મિલકત માંથી લેણું કોર્ટમારફત વીજકંપની વસૂલી ન શકે,તે ઇરાદાથી વેચાણ દસ્તાવેજ શામજીભાઈ તેમના અંગત સગા થતાં હોય તેમના જોગનું કરવામાં આવેલ અને હાલ પણ ગુજરનારના પરિવારના સભ્યો વસવાટ તેમજ મકાન નો ભોગવટો કરી રહેલ છે આમ વીજકંપની ની લેણી રકમ ભરપાઈ ન કરવાના ઇરાદાથી સદર શામજીભાઈ દ્વારા નવા વીજજોડાણ ની કાર્યવાહી કરવામાં આવેલ. જેથી નવા વીજ કનેક્શન આપી શકે નહીં જેનો પેનલ વકીલ શ્રી ડી.બી.લાખાણી દ્વારા તારીખ ૨૪.૧૦.૨૦૧૯ અભિપ્રાય મુજબ અમારી પેટા વિભાગીય કચેરીના પત્ર નંબર કેએમએસડી/રેવ/લીગલ/૧૭૩૫ તા.૦૪.૧૧.૨૦૧૯ 17 ના રોજ પ્રત્યુતર પાઠવેલ.

3.૮ આમ મે.ઉમેશ આઈસ ફેક્ટરી ના પ્રોપરાઇટર કરસનભાઈ ગોવિંદભાઈ પાંજરીનું લેણું બાકી રહેતા જી.ઈ.આર.સી. ના નોટિફિકેશનના ક્લોઝના નંબર ૪.૩૦ અન્વયે,વાઘેશ્વરી પ્લોટ ખાતે આવેલ આ જ નામનું ગ્રાહક નંબર ૩૫૧૦૧/૦૦૩૪૨/૦ નું ઘર હેતુ નું ચાલુ વીજકનેક્શન ત્યાં વસવાટ કરતાં તેમના જ પરિવારના સભ્યોને/વારસદારોને પત્ર નંબર કેએમએસડી/લીગલ/૮૯૫/તા. ૨૫.૧૦.૨૦૧૮ ના દિવસ-૧૫ ની નોટિસ રજી.એડી.થી આપ્યા બાદ,ડીસ કનેકટ કર્યા બાદ,સદર તા.૨૨.૦૫.૧૯૯૬ ના રોજ વેચાણ દસ્તાવેજથી વેચાણ લેનાર શામજીભાઈ વિજાભાઈ કોટીયા દ્વારા નામ ટ્રાન્સફર થતા નવા વિજ કનેક્શન મેળવવાની અરજી કરવામાં આવેલ આમ વીજ કંપની ની બાકી લેણી વેચાણ દસ્તાવેજ પહેલાની હોય જેથી વીજ કંપની સ્થાવર મિલકત માંથી લેણી રકમ વસૂલ કરી ન શકે તે હેતુથી ઇરાદાપૂર્વક તેમના અંગત સગા શામજીભાઈને વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપેલ છે અને હાલ પણ તે મકાનમાં કરસનભાઈ ના પરિવારના સભ્યો/વારસદારો જ વસવાટ કરે છે જ્યારે શામજીભાઈ કોટીયા તે હાલ, પેરેડાઈઝ રોડ પર,હર્ષદ પ્લોટ,નીત પ્રોવીઝન પાસે રહે છે આમ મે.ઉમેશ આઇસ ફેક્ટરીની લેણી ભરપાઇ ન કરવામાં આવેલ છે.હાલ માં જે

કનેક્શન કાપેલ છે,તે કનેક્શન ચેક કરવામાં આવેલ છે. ત્યાં કોઈપણ પ્રકારના વીજ વપરાશ કરવામાં આવતો નથી પાર્ટી તેના બીજા મકાનમાં રહેવા જતાં રહેલ છે આમ ઉપરોક્ત તમામ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે અત્રેની કચેરી દ્વારા કંપનીના તમામ નિયમો અને જીઈઆરસીના નોટિફિકેશનના ક્લોઝ નંબર ૪.૩૦ મુજબ તેમજ કંપનીના પેનલ વકીલશ્રી ના અભિપ્રાય મુજબ જ અત્રેની કચેરી દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ છે.

**:: હુકમ ::**

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી દ્વારા સદર કેશ માં મુદ્દા નં.૩.૭ મુજબ સદર જગ્યા નું વીજ લેણું બાકી હોય પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરી શકાય નહીં.

૪.૨ અરજદારશ્રી દ્વારા સદર મિલકત ૧૯૯૬ થી ખરીદ કરવામાં આવેલ છે જેથી અત્યાર સુધી માં અરજદારશ્રી એ નામ ફેર માટે કોઈ અરજી કરેલ નથી.

૪.૩ સદર બાબતે બંને પક્ષકારો ને જણાવવાનું કે, અરજદારશ્રી પાસે થી વીજ બિલ ની બાકી લેણી રકમ ભરપાઈ કરે થી કનેક્શન આપવા માટે અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
|---|---|---|
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯